# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ ઓવરઓલ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. આ ઉપરાંત માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સાયન્સના વિષયોમાં (PCM/PCB) થીયરીમાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળશે.

રૂ. ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે.

મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓએ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને જે વિદ્યાર્થીઓ પાસે આધાર નંબર હશે તેઓએ પોતાના આધાર નંબર આ બેન્ક ખાતા સાથે જોડવાના (seeding) રહેશે.

**For any query**


## Contact: Prof. Samir B. Joshi

**(Asst. Prof. EC Dept.)**

**MYSY-Coordinator**

**UVPCE, Ganpat University**

**Contact No: 9428853091**